ઇતિહાસમાં પહેલી વખત વોર રૂમ તૈયાર કરાયો

આજે રેલ મંત્રાલય ઉધના રેલવે સ્ટેશન પર સીધી નજર રાખશે

70 ટિકિટ ચેકર,400 જેટલા RPF અને GRPના જવાનો સ્ટેશનના ખૂણે ખૂણે તૈનાત રહેશે

રવિવારે કુલ 10 ટ્રેનો રવાના કરવામાં આવશે

6 વધારાના અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટર કાર્યરત

આજે વહેલી સવારથી પ્લેટફોર્મ નંબર 6 પર પ્રવાસીઓનો મહેરામણ

» UDN-BNRS સ્પેશિયલ (20929): ૨૪ એપ્રિલના રોજ રાત્રે ૮:૪૦ કલાકે (૫ મિનિટના વિલંબ સાથે) પ્લેટફોર્મ ૬ પરથી ઉપડી હતી, જેમાં અંદાજે ૨૦૦૦ મુસાફરો સવાર હતા.

» UDN-DGR સ્પેશિયલ (09173): આજે વહેલી સવારે ૦૭:૧૦ કલાકે નિર્ધારિત સમયે રવાના થઈ હતી. આ ટ્રેનમાં સૌથી વધુ ૩૦૦૦ જેટલા મુસાફરોનું ભારણ જોવા મળ્યું હતું.

» UDN-DNR એક્સપ્રેસ (20933): સવારે ૦૮:૩૫ કલાકે અંદાજે ૨૧૦૦ મુસાફરો સાથે બિહાર તરફ રવાના થઈ હતી.

» UDN-BGP એક્સપ્રેસ (22947): સવારે ૧૦:૨૦ કલાકે ૨૨૦૦ મુસાફરો સાથે સમયસર રવાના કરવામાં આવી હતી.

» UDN-SRC સ્પેશિયલ (09053): સવારે ૧૧:૨૫ કલાકે ૧૪૦૦ મુસાફરો સાથે પશ્ચિમ બંગાળ તરફ પ્રયાણ કર્યું હતું.

સુરત : ઉધના રેલવે સ્ટેશન પર રવિવારે સર્જાનારા મુસાફરોની ભીડને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવેએ આ વખતે આરપારની તૈયારીઓ કરી લીધી છે. આગામી 26 એપ્રિલ, રવિવારના રોજ ઉધના સ્ટેશન પર ભીડનું સંચાલન કરવા માટે રેલવેના ઇતિહાસમાં પહેલીવાર હાઈટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. રેલવે તંત્રએ એક સ્પેશિયલ 'વોર રૂમ'તૈયાર કર્યો છે, જેનાથી પશ્ચિમ રેલવેના જીએમ (જનરલ મેનેજર) થી લઈને દિલ્હીમાં બેઠેલા રેલવે મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ પળેપળની હિલચાલ પર બાજ નજર રાખશે.

મળતી માહિતી મુજબ સામાન્ય રીતે રેલવે સ્ટેશન પર સ્થાનિક અધિકારીઓ વ્યવસ્થા જોતા હોય છે, પરંતુ આ રવિવારે નજારો કંઈક અલગ હશે. પશ્ચિમ રેલવેના જીએમ રામશ્રય પાંડે મુંબઈ મુખ્યાલય ખાતે બનાવેલા વોર રૂમમાં બેસીને તમામ પ્લેટફોર્મનું લાઈવ ફૂટેજ નિહાળશે.

આ વોર રૂમ સીધો દિલ્હી રેલવે મંત્રાલય સાથે જોડાયેલો રહેશે, જેથી જો કોઈ સ્થળે ભીડ અનિયંત્રિત થાય તો તુરંત ઉપરથી આદેશ આપી શકાય. રવિવારે વહેલી સવારે 5 વાગ્યાથી જ ટ્રેનોનો સિલસિલો શરૂ થઈ જશે. 12 કલાકના ટૂંકા ગાળામાં કુલ 10 ટ્રેનો રવાના કરવામાં આવશે, જેમાં 7 સ્પેશિયલ અને 3 નિયમિત ટ્રેનોનો સમાવેશ થાય છે.

ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળ તરફ જતી આ ટ્રેનોમાં આશરે 22,000 થી 24,000 મુસાફરો મુસાફરી કરે તેવી શક્યતા છે.અમૃત ભારત એક્સપ્રેસ, અંત્યોદય એક્સપ્રેસ અને તાપ્તી ગંગા એક્સપ્રેસ મધુબની, હસનપુર, દુર્ગાપુર, સમસ્તીપુર અને જયનગર માટેની ખાસ ટ્રેનો દોડશે.મુસાફરોની સુરક્ષામાં કોઈ કચાસ ન રહી જાય તે માટે ઉધના સ્ટેશનને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવશે. 400 જેટલા RPF અને GRP ના જવાનો સ્ટેશનના ખૂણેખૂણે તૈનાત રહેશે.

આ ઉપરાંત, 70 જેટલો ચેકિંગ સ્ટાફ મુસાફરોની ટિકિટ અને સામાનની તપાસ કરશે. ભીડને લીધે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે ADRM, DCM અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર જેવા ઉચ્ચ અધિકારીઓ જાતે ગ્રાઉન્ડ ઝીરો પર હાજર રહીને મોનિટરિંગ કરશે.સ્ટેશનની બહાર મુસાફરો તડકામાં હેરાન ન થાય તે માટે વિશાળ ડોમ (મંડપ) અને હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યો છે. ટિકિટ માટે લાંબી કતારો ન લાગે તે હેતુથી 6 વધારાના અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટર કાર્યરત કરી દેવાયા છે. રેલવે પ્રશાસનનો દાવો છે કે આ હાઈટેક આયોજનને કારણે મુસાફરોને કોઈ તકલીફ પડશે નહીં અને ટ્રેનો સુવ્યવસ્થિત રીતે રવાના થશે.

આ ટ્રેનો આજે ઉપડશે

તા. 26 એપ્રિલના રોજ વહેલી સવારે ૦૦.૩૦ કલાકે ૦૯૦૦૩ ઉધના-જયનગર ટ્રેન રવાના થશે, ત્યારબાદ ૦૧.૩૦ કલાકે ૦૯૦૦૭ ઉધના-સમસ્તીપુર સ્પેશિયલ ઉપડશે. સવારના ૦૫.૩૦ વાગ્યે ૦૯૧૬૭ ઉધના-મધુબની ટ્રેન મુસાફરોને લઈને રવાના થશે. સવારના નવ વાગતા પહેલા જ ૨૨૫૬૪ ઉધના-જયનગર એક્સપ્રેસ ૦૮.૩૫ કલાકે પ્લેટફોર્મ છોડશે. આ ઉપરાંત સુરતથી ઉપડતી અને ઉધના સ્ટોપેજ ધરાવતી ૧૯૦૪૫ તાપ્તી ગંગા એક્સપ્રેસ (સુરત-થાવે) સવારે ૧૦.૨૧ કલાકે ઉધના આવી પહોંચશે. ૦૯૦૩૧ ઉધના-હસનપુર રોડ ૧૧.૨૫ કલાકે, જ્યારે ૦૯૦૨૧ ઉધના-સમસ્તીપુર ૧૪.૩૦ કલાકે રવાના થશે. સાંજ પડતા જ જયનગર તરફ જતી ટ્રેનોની ભીડ વધશે, જેમાં ૦૯૦૪૧ (૧૬.૩૦ કલાક), ૦૯૦૪૫ (૧૮.૩૦ કલાક) અને રાત્રે ૨૧.૩૦ કલાકે ૦૯૦૪૭ ઉધના-જયનગર ટ્રેન અંતિમ વિસામો બનશે.ખાસ નોંધવા જેવી બાબત એ છે કે, ૦૯૧૭૫ ઉધના-દુર્ગાપુર ટ્રેન જે સવારે ૦૮.૩૫ કલાકે ઉપડવાની હતી, તેને ટેકનિકલ કે અન્ય કારણોસર રિ-શિડ્યુલ કરવામાં આવી છે. હવે આ ટ્રેન બપોરે ૧૨.૩૫ કલાકે રવાના થશે, જેથી મુસાફરોએ સમયની નોંધ લેવી જરૂરી છે.

'આપ'ની તુષ્ટિકરણની નીતિ ચલાવવામાં નહીં આવે: ડે. સીએમ હર્ષ સંઘવી

આપના નેતાઓએ દાવો કર્યો કે તેમની સરકાર બનશે તો મુસ્લિમોને રસ્તા પર નમાજ અદા કરવાની છૂટ અપાશે

ગાંધીનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા મુસ્લિમ સમુદાયને રીઝવવા માટે આપવામાં આવેલા કથિત વચનો સામે ડે સીએમ હર્ષ સંઘવીએ આકરા પ્રહારો કર્યા છે.

સંઘવીએ આપની આ રણનીતિને 'હલકી માનસિકતા' અને 'તુષ્ટિકરણની પરાકાષ્ઠા' ગણાવી છે. ચૂંટણીના માહોલ વચ્ચે આપના કેટલાક નેતાઓએ જાહેરમાં એવો દાવો કર્યો હતો કે તેમની સરકાર બનશે તો મુસ્લિમ સમુદાયને જ્યાં દરગાહ બનાવવી હોય ત્યાં છૂટ આપવામાં આવશે તેમજ રસ્તા પર નમાઝ અદા કરવાની પણ મંજૂરી અપાશે.

આ નિવેદનો સામે પ્રતિક્રિયા આપતાં સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સવાલ ઉઠાવ્યો કે શું આ જ મુદ્દાઓ પર ગુજરાતની જનતા પાસેથી 'એક મોકો' માંગવામાં આવી રહ્યો છે? શું કોઈ પક્ષ કાયદાથી ઉપર કોઈ એક વર્ગને સ્થાન આપવા માગે છે? સંઘવીએ આપના નેતાઓનો વીડિયો શેર કરતાં લખ્યું હતું કે આ પ્રકારની રાજનીતિ સમાજમાં વિભાજન ઊભું કરે છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, "ગુજરાતમાં જ્યાં સુધી ભાજપનો કાર્યકર્તા જીવતો છે, ત્યાં સુધી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં." હર્ષ સંઘવીએ આ વીડિયો પોસ્ટ કરતા સવાલ કર્યો હતો કે, 'શું આ જ મુદ્દાઓ માટે ગુજરાતની પ્રજા પાસે એક મોકો માંગવામાં આવે છે? શું આમ આદમી પાર્ટી કાયદાથી ઉપર કોઈ ખાસ વર્ગને રાખવા માંગે છે?" તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વોટ બેંકની રાજનીતિ કરવા માટે કોઈ પણ પક્ષને નિયમો વિરુદ્ધ જવાની પરવાનગી અપાશે નહીં.

400 કરોડના આઉટર રિંગ રોડ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારનાં ગાબડાં?

વાલક પાસે તાપી નદીના નવા બ્રિજમાં બે જ વર્ષમાં પડી તિરાડો

સુરતઃસુરતમહાનગરપાલિકાની ચૂંટણીના ગણતરીના કલાકો પૂર્વે જ વિકાસના કામોમાં ભ્રષ્ટાચારનો મુદ્દો પ્રકાશમાં આવ્યો છે. આઉટર રિંગ રોડના પ્રથમ ફેઝ હેઠળ અંદાજે 400 કરોડના ખર્ચે તૈયાર થયેલા પ્રોજેક્ટના ભાગરૂપે વાલક પાસે તાપી નદી પર બનેલા નવા બ્રિજમાં માત્ર બે જ વર્ષમાં અનેક જગ્યાએ મોટી તિરાડો જોવા મળી છે.

કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ બ્રિજની નબળી ગુણવત્તાને લઈ વિપક્ષી ઉમેદવાર મહેશ અણઘણે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ કરીને શાસક પક્ષ ભાજપની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે જનતાના પરસેવાના ટેક્સના કરોડો રૂપિયા વિકાસના નામે વેડફાઈ રહ્યા છે અને કામોમાં લોટપાણીને લાકડા જેવી નીતિ અપનાવવામાં આવી છે, જેને કારણે આટલા ટૂંકા ગાળામાં બ્રિજની હાલત બિસ્માર થઈ ગઈ છે.

મહેશ અણઘણે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ''લોકોના ટેક્સના કરોડો રૂપિયા કમલમ (ભાજપ કાર્યાલય) માં વપરાય છે, એટલે જ કદાચ કમલમમાં ક્યારેય તિરાડો પડતી નથી, પરંતુ લોકોની સુવિધા માટે બનેલા બ્રિજોમાં બે જ વર્ષમાં ગાબડા પડી રહ્યા છે.'' તેમણે મતદારોને અપીલ કરી છે કે જનતાના નાણાંનો દુરુપયોગ કરનારાઓને ઓળખીને મતદાનના દિવસે સમજી-વિચારીને નિર્ણય લેજો. મશીન પર મતદાન માટે બટન દબાવતા પહેલા વિચાર કરજો તેવી અપીલ સાથેનો વિડીયો અપલોડ કરવામાં આવ્યો છે.

શાળાના રેકોર્ડમાં નામ, અટક સુધારવા ખાસ કેમ્પ યોજાશે

જન્મ તારીખ કે પેટા જ્ઞાતિમાં ભૂલ હોય, તો તેને સુધારવા કેમ્પનું આયોજન

વિદ્યાર્થીએ જરૂરી આધાર પુરાવાઓ સાથે પોતાની શાળામાં જ અરજી કરવાની રહેશે

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની પરીક્ષાઓના પરિણામ જાહેર થાય તે પૂર્વે વિદ્યાર્થીઓને શાળાના રેકોર્ડમાં નામ, અટક, જન્મ તારીખ કે પેટા જ્ઞાતિમાં ભૂલ હોય, તો તેને સુધારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ખાસ તક આપવામાં આવી છે. આ અંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જિલ્લાની તમામ શાળાઓના આચાર્યોને સૂચના સાથેનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીના પરિપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયા બાદ સુધારાની પ્રક્રિયા જટિલ બની જતી હોય છે. આથી, વિદ્યાર્થીઓના હિતમાં પરિણામ પહેલા જ આ ભૂલો સુધારી લેવા માટે કેમ્પનું આયોજન કરવા અને દરખાસ્તો રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

વિદ્યાર્થી પોતાના નામ, અટક, જન્મ તારીખ અથવા પેટા જ્ઞાતિમાં રહેલી ભૂલો સુધારી શકશે. તે માટે વિદ્યાર્થીએ જરૂરી આધાર પુરાવાઓ સાથે પોતાની શાળામાં જ અરજી કરવાની રહેશે. શાળાના આચાર્યે જન્મનો દાખલો તથા અન્ય અસલ પુરાવાઓની ચકાસણી કરી તેને પ્રમાણિત કરવાના રહેશે. ત્યાર બાદ વાલીઓને બિનજરૂરી કચેરીના ધક્કા ન ખાવા પડે તે માટે આચાર્યએ શાળાના જાણકાર ક્લાર્કને જ દરખાસ્ત સાથે કચેરીએ મોકલવાના રહેશે. દરખાસ્તમાં કઈ બાબત સુધારવાની છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જરૂરી છે. પરિશિષ્ટ-4 (બ) મુજબના ચેકલિસ્ટ સાથે તમામ આધાર પુરાવા સામેલ રાખવા. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ 12 (ક) અને સરકારની પ્રવર્તમાન નીતિઓ મુજબ જ દરખાસ્ત સ્વીકારવામાં આવશે. અધૂરી વિગતો વાળી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં.

એડમિશનના નામે વેસુના તબીબ સાથે 4.64 લાખની ઠગાઈ

અમદાવાદનો ગઠિયો કળા કરી ગયો

સુરતઃ શહેરના પોશ ગણાતા વેસુ વી.આઈ.પી. રોડ વિસ્તારમાં રહેતા એક તબીબને પોતાના પુત્રનું એડમિશન કરાવવાનું ભારે પડ્યું છે. અમદાવાદના એક કહેવાતા એજ્યુકેશન માફિયાએ એડમિશન અપાવવાની ખાતરી આપી ડોક્ટર પાસેથી સાડા ચાર લાખથી વધુની રકમ પડાવી લીધી હતી. માત્ર રકમ જ નહીં, પણ આરોપીએ વિશ્વાસ જીતવા માટે શૈક્ષણિક સંસ્થાની નકલી રસીદો પણ પધરાવી દીધી હોવાનો પર્દાફાશ થયો છે. આ મામલે અલથાણ પોલીસે અમદાવાદના ગઠિયા વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અલથાણ સ્થિત વી.આઈ. પી. રોડ પર આવેલા શ્યામ વિલા એપાર્ટમેન્ટમાં રહેતા ૫૩ વર્ષીય ડો. હરીશ દેવજીભાઈ ચૌહાણ તેમના પુત્રના એડમિશન માટે સારા વિકલ્પની શોધમાં હતા, ત્યારે તેમનો સંપર્ક અમદાવાદના બોપલ-નિકોલ વિસ્તારમાં 'ચાર્વી કેમિસ્ટ્રી ઝોન' ચલાવતા વિપુલ મગનભાઈ પટેલ સાથે થયો હતો.

તેણે એડમિશનની ખાતરી આપી ટુકડે-ટુકડે કુલ રૂ. ૪,૬૪,૫૦૦ પડાવી લીધા હતા. ડોક્ટરને શંકા ન જાય તે માટે આરોપીએ જે-તે સંસ્થાના નામે નાણાં સ્વીકાર્યાની રસીદો પણ આપી હતી. ત્યાર બાદ ડો. હરીશે ફોલોઅપ લેતા ચીટરે આજકાલના વાયદા કરીને ગોળગોળ જવાબ આપ્યો હતો. જેથી અલથાણ પોલીસે ડોક્ટરની ફરિયાદના આધારે વિપુલ પટેલ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સચિન GIDCમાં બીજા ફાયર સ્ટેશનનું ખાતમુહૂર્ત

ઉદ્યોગોની સુરક્ષા મજબૂત બનાવવા રૂપિયા ૭.૫૦ કરોડનો પ્રોજેક્ટ શરૂ

સુરત : સચિન જીઆઈડીસી વિસ્તારમાં ઉદ્યોગોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને આગ સુરક્ષા સુવિધાઓને વધુ સશક્ત બનાવવા મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. રોડ નં. ૬ પર આવેલા હાલના ફાયર સ્ટેશનની બાજુમાં નવા એડીશનલ ફાયર સ્ટેશન તથા ફાયર સ્ટાફ ક્વાર્ટસના નિર્માણ માટે અંદાજીત રૂપિયા ૭.૫૦ કરોડના ખર્ચે પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. કુલ ૧૨ રહેણાંક યુનિટ્સ બનાવાશે. આ પ્રસંગે સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્રમુખ કિશોર પટેલ, સેક્રેટરી મયુર ગોળવાલા, ડિરેક્ટર ગૌરાંગ ચપટવાલા, ભીખુભાઈ નાકરાણી, મુકેશ ચતુર્વેદી, હેમંત જરીવાલા, મેનેજર અરવિંદ આહીર તેમજ સચિન નોટીફાઇડના સ્ટાફ સભ્યો હેત પંચાલ અને ભૂમિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ખેડૂતના રોકડા રૂપિયા છ લાખની ચીલઝડપ કરનાર બે ઝડપાયા

મુસાફરોના સ્વાંગમાં બેઠેલા ગઠિયાઓએ નજર ચૂકવી ખેલ પાડ્યો

કાપોદ્રા પોલીસે ગણતરીના કલાકોમાં ભેસ્તાનના બે રિક્ષાચાલકોને દબોચી લીધા

સુરત : અમરેલીના ખેડૂત સાથે રૂપિયા છ લાખની ચીલઝડપ કરનાર બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની અને હાલ સરથાણા બાપાસીતારામ ચોક પાસે રહેતા બટુકભાઈ ધીરુભાઈ વેકરીયા વતનમાં ખેતીકામ કરે છે. સુરતમાં તેમનું મકાન બનતું હોવાથી પૈસાની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી તેઓ સાવરકુંડલાની બેંકમાંથી રૂપિયા ૬ લાખ ઉપાડી ટ્રેન મારફતે સુરત આવ્યા હતા. રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૪ પર ઉતરી તેઓ મુખ્ય રોડ પરથી ઘરે જવા માટે ઓટો રિક્ષામાં સવાર થયા હતા.

આ રિક્ષામાં ડ્રાઈવર ઉપરાંત અન્ય ત્રણ અજાણ્યા ઈસમો પહેલેથી જ બેઠેલા હતા. રિક્ષામાં બેઠેલા ગઠિયાઓએ બટુકભાઈને વાતોમાં પરોવ્યા હતા. ક્યારેક આગળ બેસવાનું તો ક્યારેક સીટ સરખી કરવાનું કહીને તેમની નજર ચૂકવી હતી. આ ગણતરીની સેકન્ડોમાં જ ગઠિયાઓએ બટુકભાઈની નજર ચૂકવી તેમની પાસે રહેલી બેગને સાઈડમાંથી કાપી નાખી હતી અને અંદર મુકેલા રોકડા ૬ લાખના બંડલો સેરવી લીધા હતા.

ખેડૂતને કંઈ ખબર પડે તે પહેલા જ ગેંગે તેમને કાપોદ્રા ડીજીવીસીએલ ઓફિસ પાસે ઉતારી દીધા હતા અને રિક્ષા લઈને પલાયન થઈ ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતાં જ બટુકભાઈએ કાપોદ્રા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો.

પોલીસે ગુનો નોંધી ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભેસ્તાન આવાસમાં રહેતા અરબાજખાન ઉર્ફે ગબ્બા આલમખાન પઠાણ (ઉ.વ. ૨૪) અને શહેબાઝખાન શેરખાન પઠાણ (ઉ.વ. ૨૨) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા ૨,૪૦,૦૦૦, ગુનામાં વપરાયેલી ઓટો રિક્ષા ૮૦,૦૦૦ મળી કુલ ૩,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચેક રિટર્ન કેસમાં ભાણેજની સજા સામેની અપીલ ફગાવાઈ

સુરતઃ ફોર વ્હીલ વાહનનો ધંધો શરૂ કરવા માટે લીધેલા રૂ.૧૧ લાખના ચેક રિટર્ન કેસમાં દૂરના સંબંધમાં ભાણેજને ટ્રાયલ કોર્ટે ફટકારેલી સજાને સેશન્સ કોર્ટે કાયમ રાખી આરોપીની અપીલ ફગાવી દીધી હતી. અલથાણ ભીમરાડના કિરણ જયપ્રકાશ સાવંતની સામે સ્વ.પ્રકાશ શિંદેના વારસદાર પુત્રી હિનાએ રૂ.૧૧ લાખના ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. જેની સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટે આરોપી કિરણ સાવંતને બે વર્ષની સજા અને રૂ.૨૨ લાખનો દંડ ફટકાર્યો હતો. જે ચુકાદાની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. આ અપીલની સુનાવણીમાં કોર્ટે આરોપીની અપીલ ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો હુકમ માન્ય રાખ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ચેક બાઉન્સના કેસમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે કોર્ટમાં હવે કડક વલણ અપનાવે છે.

ટ્રક અડફેટે એક્સિસ બેંકના મેનેજરનું મોત

વેસુના બ્રાન્ચ મેનેજર ભેંસાણ ખાતે ઘરે જઇ રહ્યા હતા ત્યારે ઓએનજીસી પાસે અકસ્માત સર્જાયો

સુરતઃ ઇચ્છાપોર ચાર રસ્તા પાસે ટ્રક ચાલકે અડફેટે લેતા વેસુ એક્સિક બેંકના મેનેજરનું મોત નિપજ્યું હતું. નોકરીએ જતી વખતે રસ્તામાં અકસ્માત નડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના ખાંભેલ ગામના વતની વિપુલ કાંતિલાલ પટેલ (38 વર્ષ) હાલ ભેંસાણ રોડ પર આવેલ પેસિફિક હોમ્સમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે વેસુ ખાતે આવેલ એક્સિક બેન્કમાં બ્રાન્ચ મેનેજર હતા. શનિવારે સવારે વિપુલ બાઇક પર નોકરીએ જવા નીકળ્યા હતા. દરમિયાન ઇચ્છાપોર ઓએનજીસી ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા. ત્યારે ટ્રક ચાલકે વિપુલની બાઇકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં વિપુલને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યા હતા.

મસ્જિદમાં બાળક સાથે અડપલાં કર્યા

દાદા સાથે નમાઝ પઢવા ગયેલા કાપડ વેપારીના પુત્રને બાથરૂમમાં એકલો જોઈ સૃષ્ટી વિરુદ્ધના કૃત્યનો પ્રયાસ

સુરતઃ શુક્રવારની પવિત્ર ગણાતી નમાઝ દરમિયાન જુમ્મા મસ્જિદના વોશરૂમમાં એક ૧૨ વર્ષીય કિશોરે ૫ વર્ષના માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું ઘૃણાસ્પદ કૃત્ય આચરવાનો પ્રયાસ કરતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

સિંધીવાડ વિસ્તારમાં રહેતા એક કાપડ વેપારીનો ૫ વર્ષીય પુત્ર 'આર્યન' (નામ બદલ્યું છે) ગઈકાલે દાદા સાથે લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી જુમ્મા મસ્જિદમાં નમાઝ પઢવા ગયો હતો.

નમાઝ દરમિયાન માસૂમને લઘુશંકા જવું હોય તેણે દાદાને જાણ કરી હતી અને મસ્જિદના વોશરૂમ તરફ ગયો હતો. માસૂમ બાળક જ્યારે વોશરૂમમાં એકલો હતો, ત્યારે ત્યાં હાજર એક ૧૨ વર્ષીય કિશોરની દાનત બગડી હતી. કિશોરે માસૂમને એકલો જોઈ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કામ કરવાની કોશિશ કરી હતી અને અડપલાં કર્યાં હતાં. માસૂમ ગભરાઈ ગયો હતો. જો કે, બાદમાં કિશોરે તેને છોડી દેતાં તે પરત દાદા પાસે પહોંચ્યો હતો અને ઘરે ગયા બાદ પોતાની માતાને રડતા રડતા આપવીતી જણાવી હતી. બાળકની હાલત જોઈ માતા તાત્કાલિક તેને સ્મીમેર હોસ્પિટલ લઈ ગઈ હતી. લાલગેટ પી.આઈ.ના જણાવ્યા અનુસાર સ્મીમેર હોસ્પિટલના ડોક્ટરો દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં કોઈ શારીરિક જબરજસ્તી કે ગંભીર ઈજાનાં નિશાન મળી આવ્યાં નથી, પરંતુ બાળકની પૂછપરછમાં સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનો 'પ્રયાસ' થયો હોવાનું સ્પષ્ટ થયું છે.

સિવિલ હોસ્પિટલમાંથી જાણ મળતાં જ લાલગેટ પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે ભોગ બનનાર બાળકની માતાની ફરિયાદના આધારે ૧૨ વર્ષીય કિશોર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આરોપી પોતે સગીર હોવાથી પોલીસે તેના પરિવારને નોટિસ પાઠવી છે અને આવતીકાલે કિશોરને પોલીસ સમક્ષ હાજર રાખવા આદેશ કર્યો છે. આવતીકાલે કિશોર હાજર થયા બાદ તેને ડિટેઈન કરવાની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ડિંડોલીમાં પત્ની પિયરે ચાલી જતાં એકાઉન્ટન્ટનો આપઘાત

સુરતઃ ડિંડોલીમાં ઝઘડો થતાં પત્ની પિયરે ચાલી જતાં એકાઉન્ટન્ટે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

મળેલી માહિતી મુજબ ડિંડોલી ડી-માર્ટની સામે આવેલ પ્રયોશા જ્વેલમાં રહેતા 37 વર્ષીય હિરેનકુમાર રમેશભાઈ પંડ્યા ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટની નોકરી કરતા હતા. હિરેનકુમારને સંતાનમાં એક પુત્ર છે. જે નવસારી ખાતે હોસ્ટેલમાં રહી ધોરણ-6માં અભ્યાસ કરે છે. હિરેનકુમારનો તેની પત્ની તેમજ બારડોલી ખાતે રહેતા પિતા સાથે કોઈક ને કોઈક વાતને લઈ ઝઘડો થતો હતો. જે ઝઘડાને કારણે હિરેનકુમારની પત્ની છેલ્લા પંદરેક દિવસથી પિયરમાં ચાલી ગઈ હતી. દરમિયાન હિરેનકુમારે ઘરના બેડરૂમમાં લગાવેલી લોખંડની હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પત્નીએ પતિને મેસેજ તેમજ ફોન કરતાં તેઓએ ઉપાડ્યા ન હતા. જેથી કાલે રાત્રે પત્ની તેની ભાઈ સાથે ઘરે આવી હતી અને ઘરનો દરવાજો ખોલી અંદર જોતાં હિરેનકુમાર ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.

મુંબઈથી બાળકનું અપહરણ કરનાર યુવતી સુરતથી પકડાઈ

પોતે નસો કરવાની ટેવવાળી છે, એક બાળકનો જન્મ થયા બાદ મૃત્યુ થતા બાળકની ઇચ્છા પૂરી કરવા અપહરણ કર્યાનું રટણ



સુરત : મુંબઈથી આઠ જ મહિનાના બાળકનું અપહરણ કરી સુરત પહોંચ્યા બાદ સુરતથી પરત મુંબઈ જવા ટ્રેનમાં બેસે એ પૂર્વે જ ક્રાઇમ બ્રાંચની ટીમે આ યુવતીને પકડી પાડી હતી.

મુંબઈના નાગાપાડા, ડિમ્ટીકર રોડ પરની ફૂટપાથ પરથી શ્રમિક પરિવારના આઠ માસના દીકરાને તા.25મીએ મોડી રાત્રે આરતી નામની યુવતી અપહરણ કરી સુરત તરફ રવાના થઈ હતી. આ મામલે નાગાપાડા પોલીસ મથકમાં અપહરણનો ગુનો પણ નોંધાયો હતો. બાળકનું અપહરણ કરી યુવતી સુરત આવી હોવાની જાણકારીને લઈ ક્રાઇમ બ્રાંચના બે પોલીસ ઈન્સ્પેક્ટર અને 20 કર્મચારીઓની બનેલી અલગ અલગ ટીમોએ તપાસ આદરી હતી. જેમાં સુરતથી ટ્રેન મારફતે આરતી તેના પ્રેમી સાથે મુંબઈ જવા નીકળી હોવાનું ફલિત થતાં ક્રાઇમ બ્રાંચની ટીમે માત્ર 20 જ મિનિટમાં આરતી ઉર્ફે ઝરીના ઉમેશ જેસ્વાલ (ઉ.વ.22, રહેઃ ખલોરી નદીના પટમાં, કલ્યાણ થાણે, મુંબઈ) ને તેને પ્રેમી સાથે પકડી પાડી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરતીએ કોઈ સ્પષ્ટ જાણકારી આપી ન હતી. માત્ર એટલું જ કહ્યું હતું કે તેને એક બાળકનો જન્મ થયો હતો. જેની યોગ્ય સારસંભાળ ન રાખવાથી તેનું મૃત્યુ થયું હતું. હવે સંતાન થાય તેમ ન હોવાથી આ બાળકનું અપહરણ કર્યું હતું. જોકે, પોલીસને તેની આ વાત ગળે ઉતરી ન હતી. પોલીસની તપાસમાં એવી પણ જાણકારી પ્રાપ્ત થઈ છે કે આરતી નશો કરવાની ટેવ ધરાવે છે. સોલ્યુશનનો નશો કરે છે. જેનો પ્રેમી સુરતમાં રહે છે. છેલ્લાં દોઢેક વર્ષથી તે પ્રેમી સાથે સુરત રહેતી હતી. તેના માતા-પિતા અને પરિવાર મુંબઈમાં ફૂટપાથ પર રહી ભીખ માગીને ગુજરાન ચલાવે છે. જેથી તે ફૂટપાથની ગતિવિધિથી પૂરી વાકેફ છે. પરિણામે તેણે આ રીતે બાળકનું અપહરણ કર્યું હતું.

અનુસંધાન... પાના છેલ્લાનું

ગરમીને લીધે...

મતદાન શરૂ થશે. ગરમીના પ્રકોપને ધ્યાનમાં રાખીને ચૂંટણી તંત્ર તથા રાજકીય પક્ષો બંનેએ "સવારના મતદાન" પર ખાસ ફોકસ કર્યો છે. બપોરે ૧૨થી ૪ દરમિયાન તાપમાનના કારણે મતદાન ધીમું રહેવાની શક્યતા હોવાથી વહેલી સવારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે અપીલ કરવામાં આવી રહી છે. મતદાન મથકો શનિવારે સાંજ સુધી તૈયાર થઈ ગયા હતા. પોલિંગ અને પ્રિસાઈડિંગ ઓફિસરો મથકો પર જ રાત્રિ રોકાણ કરી રહ્યા છે. સમગ્ર પ્રક્રિયામાં ૨૦,૩૬૭ જેટલો પોલિંગ સ્ટાફ અને આશરે ૯,૫૦૦ પોલીસ જવાન તૈનાત રહેશે. જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સતત મોનીટરીંગ કરશે. EVM મશીનો અંગે ખાસ તૈયારી કરવામાં આવી છે. મતદાન દરમિયાન કોઈ ખામી સર્જાય તો તરત જ રિઝર્વ EVMથી બદલી કરવાની વ્યવસ્થા દરેક મથકે રાખવામાં આવી છે.

સુરતમાં મતદાન...

તંત્ર દ્વારા EVM મશીનોની સુરક્ષા અને તેની હેન્ડલિંગ પ્રક્રિયામાં પણ વિશેષ કાળજી લેવામાં આવી હતી. મશીનોના સીલિંગથી લઈને તેને મતદાન મથક સુધી પહોંચાડવા સુધી દરેક તબક્કે પોલીસ બંદોબસ્ત સાથે મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. આ પગલાં મતદાન પ્રક્રિયા પ્રત્યે મતદારોનો વિશ્વાસ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય તેવી શક્યતા છે. ચૂંટણી તંત્રનો મુખ્ય ફોકસ માત્ર મતદાન પૂર્ણ કરાવવા પર નથી, પરંતુ મતદારોમાં વિશ્વાસ, સુરક્ષા અને સુવિધાનો અનુભવ કરાવવાનો છે. આ માટે જ મતદારોને પણ વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા અપીલ કરવામાં આવી છે, જેથી લોકશાહીના આ પર્વને સાચા અર્થમાં સફળ બનાવી શકાય.

સગીરાની છેડતીની...

જણાવ્યું હતું કે, આ શખ્સ છેલ્લા ત્રણ દિવસથી સતત તેમનો પીછો કરી હેરાન કરતો હતો. ગભરાયેલી સગીરાઓએ હિંમત દાખવી આ અંગે પરિવારને જાણ કરતા પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થાનિક લોકોની મદદથી આરોપીને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો.

ઉશ્કેરાયેલા લોકોએ શખ્સને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો અને ત્યારબાદ તેને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. રિકન્સ્ટ્રક્શન દરમિયાન મોટી માત્રામાં પોલીસ કર્મચારી, એસઆરપી, ઉચ્ચ અધિકારીઓ, ક્રાઇમ બ્રાન્ચ અને એસોજી, પીસીબીની ટીમો ખડકી દેવામાં આવી હતી.

ભીડને જોઈ કેટલાક પોલીસ કર્મીઓ આરોપીને ટપલી દાવ કરી ભીડને ખુશ કરવાનો પ્રયાસ કર્યો હતો પણ ભીડ આરોપીનો કબજો લેવા બેકાબૂ બની હતી. કેટલીક પાટીદાર મહિલાઓએ 'ભાજપ અને પોલીસની હાય હાય' બોલાવી નારેબાજી કરી પોલીસને બંગડી બતાવી પહેરી લેવાના ઈશારા પણ કર્યા હતા.